# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




લીંબાસી પોલીસ દ્વારા પુરાવા સાથે છેડછાડ કરી અદાલતને ગેરમાર્ગે દોર્યાની દિલ્હી સુધી રજૂઆત

# માતર તાલુકાની રાઈસમીલમાં કરોડોની ઉચાપતમાં પોલીસ દ્વારા ભીનુ સંકેલાયું !

**રાઈસમીલના** માલિકોએ પોલીસ ઇન્સ્પેક્ટર અને જિલ્લા પોલીસ વડા સામે માંડ્યો મોરચો

(પ્રતિનિધિ) નડિયાદ તા.30

ખેડા જિલ્લાના લીંબાસી પોલીસ મથકની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. લીંબાસી ખાતે રાઈસમીલના વ્યવસાય સાથે સંકળાયેલા ઉદ્યોગપતિ પરિવારે પોલીસ તંત્રના ભ્રષ્ટ અધિકારીઓ અને રાજકીય વગ ધરાવતા ઈસમોના ગઠબંધન સામે મોરચો માંડ્યો છે. કરોડો રૂપિયાની ઉચાપતના કેસોમાં પોલીસ જ આરોપીઓને



રક્ષણ પૂરું પાડી રહી હોવાના અને ફરિયાદીને જ ખતમ કરી દેવાની ધમકીઓ મળતી હોવાના આક્ષેપ સાથે આ મામલો હવે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને રાજ્યના DGP સુધી પહોંચ્યો છે.

આ અંગે ફરિયાદી જિગ્નેશકુમાર ઠક્કર અને નિશાબેન ઠક્કરે આક્ષેપ કર્યો છે કે, દિવ્ય રાઈસમીલ અને યોગીકૃપા રાઈસમીલમાં થયેલી લાખોની ઉચાપતના કેસમાં તત્કાલીન પોલીસ ઈન્સ્પેક્ટર જે. વી. વાઢીયા અને પોલીસ ઈન્સ્પેક્ટર એ. બી. મહેરીયાએ આરોપીઓને ધરપકડથી બચાવવા માટે પુરાવાઓ સાથે છેડછાડ કરી છે. નક્કર પુરાવા હોવા છતાં પોલીસે જાણીજોઈને અધૂરી ચાર્જશીટ રજૂ કરી આરોપીઓને કાયદાકીય છટકબારીનો લાભ અપાવ્યો હોવાનો આરોપ છે.

વધુમાં પીડિત પરિવારે રજૂઆતમાં જણાવ્યું છે કે ખેડા જિલ્લા પોલીસ અધિક્ષક વિજય પટેલ પણ આ તમામ હકીકતોથી વાકેફ હોવા છતાં પરોક્ષ રીતે ભ્રષ્ટ અધિકારીઓને છાવરી રહ્યા છે. ન્યાય ન મળવાને કારણે આખું પરિવાર અત્યારે અત્યંત કફોડી સ્થિતિમાં મુકાયું છે.

### ચંદ્રેશ પટેલ ઉર્ફે પોપટનું ભોપાળુ ?



ખેડા જિલ્લા ભાજપના પૂર્વ ઉપપ્રમુખ ચંદ્રેશ પટેલે પોતાની રાઈસમીલ છોડાવવા ફરિયાદી પાસેથી 1.10 કરોડ રૂપિયા લીધા હતા. બાદમાં જમીન અને નાણાં પચાવી પાડવા માટે આરોપી ઈનાયત સાથે મળીને કાવતરું કર્યાનો આક્ષેપ છે. આ મામલે વારંવાર રજૂઆત કરવા છતાં પોલીસ ગુનો દાખલ કરતી નથી.

### વાઢીયા કોણ છે ? નડિયાદ જઈને પૂછી આવજે



ન્યાય માંગવા ગયેલા ફરિયાદીને પોલીસ ઇન્સ્પેક્ટર જે. વી. વાઢીયાએ ધમકી આપી હતી કે, નડિયાદ જઈને પૂછી આવજે કે વાઢીયા કોણ છે, તને અને તારા કેસને પતાવી દેવા જ અહીં આવ્યો છું. એક જવાબદાર અધિકારીની આવી ધમકી પોલીસ મથકને ગુનેગારોનો અડ્ડો સાબિત કરી રહી હોવાનું રજૂઆતમાં જણાવ્યું છે.

---

હર્ષદ પરમાર પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે જાહેર કરાયા

# ભાજપે ધારાસભ્યના પુત્ર હર્ષદ પરમારને મેદાનમાં ઉતાર્યા

**ભાજપની કેન્દ્રીય** ચૂંટણી સમિતિ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો

(પ્રતિનિધિ) આણંદ તા 30

ગુજરાતમાં યોજાનારી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીના પડઘમ વચ્ચે ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણી જાહેર કરવામાં આવી છે. પેટા ચૂંટણીને લઈને આણંદ જિલ્લામાં રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. રાજકીય ચહલપહલ વચ્ચે ભારતીય જનતા પાર્ટીએ ઉમરેઠ બેઠક માટે ઉમેદવારની જાહેરાત કરી દીધી છે. ભાજપના કેન્દ્રીય માળખામાં નિર્ણય કરીને ઉમરેઠ 111 બેઠક માટે હર્ષદભાઈ ગોવિંદભાઈ પરમારને ટિકિટ આપી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉમરેઠ બેઠક ભાજપના તત્કાલીન ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારના અવસાન બાદ ખાલી થઈ હતી, જેને ઉમરેઠ વિધાનસભા માટે પેટા ચૂંટણી યોજાઈ રહી છે. સહાનુભૂતિ અને સ્થાનિક કક્ષાએ રાજકીય વર્ચસ્વ ધરાવતા પરિબળોને ધ્યાનમાં રાખીને ભાજપે ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારના પુત્ર હર્ષદ પરમાર પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે.ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

### ચિખોદરા ગ્રામ પંચાયતના ડે. સરપંચ



ઉમરેઠ વિધાનસભામાં ભાજપના ઉમેદવાર હર્ષદ પરમાર ગ્રામ પંચાયતથી તાલુકા સ્તર સુધીની જવાબદારીઓ સંભાળવાનો અનુભવ ધરાવે છે. હર્ષદ ગોવિંદભાઈ પરમાર સામાજિક અને રાજકીય પ્રવૃત્તિઓમાં સક્રિય જોવા મળી રહ્યા છે. તેઓ હાલમાં ચિખોદરા ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ તરીકે કાર્યરત છે. તે ઉપરાંત, હર્ષદભાઈ આણંદ તાલુકા સરપંચ એસોસિએશનના પ્રમુખ તરીકે પણ કામગીરી સંભાળી રહ્યા છે. હર્ષદભાઈ પરમાર પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારના પુત્ર છે.

---

# લગ્નમાં જતાં મહિલાનું ટ્રેક્ટર ટક્કરે કરુણ મોત

**બાઈક પરથી નીચે** પટકાતા જ ટ્રેક્ટરના તોતિંગ વ્હીલ ફરી વળ્યાં

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.30

આણંદ તાલુકાના કાસોર ગામના વિજયપુરા ગેટ પાસે રવિવારે બપોરે સર્જાયેલા એક ગમખ્વાર અકસ્માતમાં પાડગોલ ગામની એક પ્રૌઢાનું કરુણ મોત નીપજ્યું છે.

પેટલાદ તાલુકાના પાડગોલ ગામના લીમડાવાળા ફળિયામાં રહેતા જાગૃતિબેન ભરતસિંહ પરમાર, તેમના સાસુ ટીનીબેન અને કુટુંબી જેઠ રાજેશભાઈ ઉર્ફે લાલાભાઈ સોલંકી સાથે બાઈક પર સામરખા ગામે લગ્નપ્રસંગમાં જવા માટે નીકળ્યા હતા. તેઓ વડતાલ-ચકલાસી પસાર કરીને કાસોર ગામના વિજયપુરા ગેટ પાસેથી પસાર થઈ રહ્યા હતા, અચાનક સાઈડમાંથી એક બાઈક સવાર આવી ચઢ્યો હતો. તેને બચાવવા જતા રાજેશભાઈએ શોર્ટ બ્રેક મારતા બાઈક પર સવાર ત્રણેય રોડ પર પટકાયા હતા. તે જ સમયે સામેથી પૂરઝડપે આવી રહેલા ટ્રેક્ટરની ટ્રોલીનું પાછળનું પૈડું રોડ પર પટકાયેલા ટીનીબેન પર ફરી વળ્યું હતું. આ ગંભીર ઈજાઓને કારણે ટીનીબેન સ્થળ પર જ બેભાન થઈ ગયા હતા. આથી, તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરતા તેમને નડિયાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે ભાલેજ પોલીસે ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

---

ડેમોગ્રાફિક ફેરફારની આશંકા સાથે વસ્તી માળખું જાળવવા સ્થાનિકો મેદાને ઉતર્યા

# અસલાલીમાં રહેણાંક પ્રોજેક્ટ સામે ગ્રામજનોનો દ્વારા હોબાળો

**અશાંત ધારો લાગુ** કરવા કલેક્ટરને રજૂઆત, જમીન સોદાની તપાસની માંગ

(પ્રતિનિધિ) નડિયાદ તા.30

ખેડા જિલ્લાના માતર તાલુકાના અસલાલી રોડ પર નિર્માણ પામી રહેલી એક નવી રહેણાંક યોજનાને લઈને વિવાદ વકર્યો છે. સ્થાનિક રહેવાસીઓએ વસ્તીના માળખામાં મોટા પાયે ફેરફાર થવાની અને કોમી એકતા જોખમાવાની ભીતિ વ્યક્ત કરીને જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે. સ્થાનિકોએ આ વિસ્તારમાં તાત્કાલિક અસરથી 'અશાંત ધારો' લાગુ કરવાની માંગ કરી છે.

માતરના અસલાલીમાં શૈક્ષણિક સંસ્થાની સામે ડિવાઈન ઈન્ફ્રા અને ક્રાઉન રિયાલ્ટી દ્વારા શરૂ કરાયેલા પ્રોજેક્ટમાં અમદાવાદના જુહાપુરા, બાપુનગર અને ચાંદખેડા જેવા વિસ્તારોમાંથી ચોક્કસ સમુદાયના લોકોને વસાવવા માટે પદ્ધતિસરના પ્રયાસો થઈ રહ્યા હોવાનો ગ્રામજનોએ ગંભીર આક્ષેપ કર્યો છે. હિન્દુ બહુમતી ધરાવતા આ વિસ્તારમાં અકુદરતી વસ્તી પરિવર્તન થવાથી ભવિષ્યમાં શાંતિ જોખમાઈ શકે છે તેવી રજૂઆત કરવામાં આવી છે. આંદોલનની ચીમકી વધતા વિવાદ વચ્ચે ગ્રામજનોએ આ મામલે વડાપ્રધાન અને મુખ્યમંત્રીને પણ પત્ર લખીને જાણ કરી છે. જો વહીવટી તંત્ર દ્વારા આ બાબતે સત્વરે કોઈ કડક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. અશાંત ધારો લાગુ થવાથી મિલકતની લે-વેચ પર સરકારી નિયંત્રણ આવશે, જેનાથી વસ્તીનું માળખું જળવાઈ રહેશે તેવું ગ્રામજનો માની રહ્યા છે.

### પંચાયતની જમીન બિલ્ડરો પાસે કઈ રીતે પહોંચી?



આ વિવાદમાં મિલકતની માલિકી અને તેના વેચાણના વ્યવહારો સામે પણ સવાલો ઉઠ્યા છે. સ્થાનિકોની ચર્ચા મુજબ, જે જમીન પર હાલમાં બાંધકામ ચાલી રહ્યું છે તે અગાઉ ગ્રામ પંચાયતની માલિકીની હતી. પંચાયતની આ જમીન ખાનગી બિલ્ડરો પાસે કઈ રીતે પહોંચી અને તેમાં કોઈ ગેરરીતિ કે ષડયંત્ર છે કે કેમ, તે અંગે ઊંડી તપાસ કરવાની માંગ ઉઠી છે.

---

# આંકલાવમાં બે મહિનાથી સબ-રજિસ્ટ્રારનો અભાવ

**કચેરીમાં** કામકાજ માટે અરજદારોને ધક્કા

(પ્રતિનિધિ) આંકલાવ તા 30

આંકલાવ મામલતદાર કચેરી સંકુલમાં કાર્યરત સબ-રજિસ્ટ્રારની કચેરી હાલમાં વહીવટી તંત્રની ઉદાસીનતાનો ભોગ બની રહી હોવાની સ્થિતિ સર્જાઈ છે.

આંકલાવ સબ રજિસ્ટ્રાર કચેરી ખાતે માત્ર વ્યવસ્થાના ભાગરૂપે સપ્તાહમાં માત્ર બે જ દિવસ દસ્તાવેજની કામગીરી થતી હોવાથી, અનેક અરજદારોનો અહીં ભારે ઘસારો જોવા મળે છે. માત્ર બે દિવસના ટૂંકા સમયગાળામાં કામગીરી પૂર્ણ કરવાની જરૂરીયાત ઉભી થતી હોવાથી મોટી સંખ્યામાં દસ્તાવેજોની નોંધણી કામગીરી રહે છે.જેથી આંકલાવ સબ રજિસ્ટ્રાર કચેરીમાં અરાજકતા જેવો માહોલ સર્જાય છે અને અનેક લોકોને કામ પૂર્ણ કર્યા વગર જ ખાલી હાથે પરત ફરવું પડે છે. વધારે મુશ્કેલીની વાત એ છે કે, અવારનવાર ચાર્જમાં આવતા અલગ-અલગ સબ-રજિસ્ટ્રારના કારણે કામગીરીની પદ્ધતિમાં એકસૂત્રતા જળવાતી નથી, જે અરજદારો અને વકીલો માટે માથાના દુખાવા સમાન બન્યું છે. આંકલાવમાં દસ્તાવેજ કરાવવા આવતા ખેડૂતો અને સામાન્ય નાગરિકોને કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવા છતાં, જો વારો ન આવે તો ફરી બીજા સપ્તાહની રાહ જોવી પડે છે. દૂરના ગામડાઓથી આવતા અરજદારોને પડતા આ ધક્કાઓને કારણે તેમનો સમય અને નાણાં બંનેનો વ્યય થઈ રહ્યો છે.

---

કરમસદ-આણંદ મનપા ચૂંટણી : કોંગ્રેસ દ્વારા ઉમેદવારી ફોર્મ લોન્ચ

# આણંદ શહેર કોંગ્રેસમાં યુવાનોને પ્રાથમિકતા, 4થીએ સેન્સ લેવાશે

**ભ્રષ્ટાચાર મુક્ત અને** પારદર્શી શાસનના સંકલ્પ સાથે કોંગ્રેસ મેદાનમાં ઉતર્યું

(પ્રતિનિધિ) આણંદ તા.30

કરમસદ - આણંદ મનપાની આગામી ચૂંટણીના રણશિંગા ફૂંકાઈ ચૂક્યા છે, ત્યારે કરમસદ-આણંદ મનપા કોંગ્રેસ સમિતિ દ્વારા વિધિવત રીતે ઉમેદવારી ફોર્મનું લોન્ચિંગ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે કોંગ્રેસ પક્ષે નવી વિચારસરણી સાથે યુવાનોને પ્રાથમિકતા આપી ચૂંટણી લડવાનો મક્કમ સંકલ્પ વ્યક્ત કર્યો છે.

કરમસદ - આણંદ મનપાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ તરફથી



ઉમેદવારી નોંધાવવા ઈચ્છુક વ્યક્તિઓ માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા હવે ખુલ્લી મુકવામાં આવી છે. ઉમેદવારોએ આ ફોર્મ ભરીને આણંદ જિલ્લા કોંગ્રેસ સમિતિ ખાતે જમા કરાવવાના રહેશે. આગામી ચોથી એપ્રિલના રોજ સવારે 10થી સાંજે 5 વાગ્યા દરમિયાન ઈચ્છુક ઉમેદવારોને વ્યક્તિગત રીતે સાંભળીને સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, જેના આધારે યોગ્ય ઉમેદવારની પસંદગી કરવામાં આવશે.

આ પ્રસંગે કોંગ્રેસ પક્ષ દ્વારા કરમસદ-આણંદના સર્વાંગી વિકાસ, પારદર્શિતા અને ભ્રષ્ટાચાર મુક્ત શાસન માટેની કટિબદ્ધતા દોહરાવવામાં આવી હતી. પક્ષના અગ્રણીઓએ યુવાનોને લોકશાહીની આ પ્રક્રિયામાં સક્રિયપણે ભાગ લેવા અનુરોધ કર્યો છે.

આ પ્રેસ કોન્ફરન્સમાં પ્રભારી મંગલસિંહ સોલંકી, આણંદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અલ્પેશભાઈ પઢિયાર, ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના પૂર્વ મંત્રી વિરેન્દ્રસિંહ ચાવડા, પૂર્વ વિરોધ પક્ષના નેતા સલીમસા દિવાન, મહેન્દ્રસિંહ પરમાર, નીરવભાઈ સોલંકી, ભલાભાઈ સોલંકી સહિતના અનેક હોદ્દેદારો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

# આણંદ-ખેડામાં ટીડીઓની બદલી સાથે બઢતી થઈ

**ચૂંટણીની ચહલપહલ** સાથે અધિકારીઓની બદલીઓ

(પ્રતિનિધિ) નડિયાદ તા.30

આણંદ અને ખેડા જિલ્લાના કેટલાક તાલુકા વિકાસ અધિકારીઓની બદલી અને બઢતીના આદેશો આપવામાં આવ્યા છે.

આણંદ જિલ્લામાં તારાપુરના ટીડીઓ ભરતકુમાર પટેલની બદલી કરવામાં આવી છે, જ્યારે જોડિયાથી પ્રદીપસિંહ ચૌહાણને આણંદના નવા ટીડીઓ તરીકે નિયુક્ત કરાયા છે. ખંભાતના ટીડીઓ જયદિપસિંહ ઝાલાની નિમણૂક હવે આણંદ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં મદદનીશ પ્રાયોજના અધિકારી તરીકે થઈ છે અને તેમના સ્થાને કઠલાલથી હર્ષદકુમાર રાઠોડને ખંભાત ખાતે મૂકવામાં આવ્યા છે. સોજીત્રાના ટીડીઓ રોનકકુમાર પટેલની દસ્કોઈ ટીડીઓ તરીકે નિમણુંક કરવામાં આવી છે.

આંકલાવ ટીડીઓ સુશ્રી વૃતા ભાવસારની આણંદ જીલ્લા પંચાયત કચેરીમાં ચીટનીશ કમ ટીડીઓ તરીકે બદલી કરવામાં આવી છે. આંકલાવના નવા ટીડીઓ તરીકે ગાંધીનગર નાયબ ચીટનીશ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ રાહુલ ત્રિવેદીની નિમણુંક કરાઈ છે.

નડિયાદના ટીડીઓ સંજયકુમાર શાહની બદલી કરવામાં આવી છે અને તેમના સ્થાને પંચમહાલથી હરેશકુમાર ચૌહાણને જવાબદારી સોંપાઈ છે. માતર ખાતે મયુરસિંહ વાળા, વસોમાં સુભાષસિંહ વાઘેલા, ગળતેશ્વરમાં સફરાજભાઈ વહોરા અને કપડવંજમાં જીતેન્દ્રભાઈ પઢિયારને તાલુકા વિકાસ અધિકારી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.

---

રેલવે ટ્રેક પર અકસ્માત જણાતી ઘટના પીએમ રિપોર્ટમાં ઘટસ્ફોટ

# આણંદ પાસે રેલવે ટ્રેક પાસે ગળે ટૂંપો દઈ યુવતીની હત્યા કરાઈ

**આણંદ રૂરલ પોલીસે** વિવિધ ટીમ બનાવી તપાસનો ધમધમાટ તેજ કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.30

આણંદના કણજરી-બોરીયાવી રેલવે સ્ટેશન નજીકથી એક 30થી 35 વર્ષીય અજાણી યુવતીની લાશ મળી હતી. પ્રાથમિક તબક્કે આકસ્મિક મોત જણાતી આ ઘટનામાં પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં યુવતીની ગળે ટૂંપો દઈ હત્યા કરાયાનું ખુલતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

કણજરી-બોરીયાવી રેલવે સ્ટેશન પાસે આવેલા પુછડીયો કૂવા નજીક, રેલવે લાઈનના ટ્રેકની ડાબી બાજુએ ઝાડી-ઝાંખરાવાળા ખાડામાંથી આ અજાણી યુવતીનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટનાની જાણ થતા જ આણંદ રૂરલ પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને લાશને પોસ્ટમોર્ટમ માટે ખસેડી હતી. જોકે, પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં યુવતીને રહેંસી નાખવામાં આવી હોવાની પુષ્ટિ થતા પોલીસે અજાણ્યા હત્યારાઓ વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધી આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. હાલમાં આ હત્યા પાછળનું કારણ અને યુવતીની ઓળખ મેળવવા પોલીસ વિવિધ દિશાઓમાં તપાસ ચલાવી રહી છે.

### યુવતીની ઓળખ વિધિ માટે પોલીસની અપીલ

આણંદ ગ્રામ્ય પોલીસે અજાણી મૃતક યુવતીની ઓળખ મેળવવા માટે ચક્રોગતિમાન કર્યાં છે. મૃતક યુવતીના ડાબા હાથના પંજા પર અંગ્રેજીમાં 'XXY', જમણા હાથ પર 'XXX' અને જમણા હાથ પર હિન્દીમાં 'મા દેવી' લખેલા ટેટુ છે. વધુ ઓળખ માટે, યુવતીના જમણા બાવડે કાળો દોરો, ડાબા કાંડા પર લાલ દોરો અને ડાબા પગના પંજા પર કાળા કલરના બે દોરા બાંધેલા છે. આ વર્ણન ધરાવતી યુવતી વિશે કોઈ પણ જાણકારી હોય તો નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે.

---

# એસ.પી. યુનિ.માં સંશોધનોનો સૂર્યોદય, 6 પ્રોજેક્ટને કાનૂની સુરક્ષા મળી

**યુનિવર્સિટી દ્વારા 3** સ્ટાર્ટઅપના વિચાર માટે 1.75 લાખની ગ્રાન્ટ આપી

(પ્રતિનિધિ) આણંદ તા.30

વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના એસપીયુ, એસએસઆઈપી, નવાધારા એકમ દ્વારા યુવા સંશોધકોના નવીન વિચારોને મજબૂત ગતિબળ પૂરું પાડવામાં આવ્યું છે. તાજેતરમાં યોજાયેલી માસિક સમિતિની બેઠકમાં 3 નવીન સ્ટાર્ટઅપ વિચારો માટે રૂ. 1.75 લાખની આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે, જ્યારે 6 જેટલા બૌદ્ધિક સંશોધનોને પેટન્ટ અને કોપીરાઈટ જેવી કાનૂની સુરક્ષા હેઠળ આવરી લેવાનો નિર્ણય લેવાયો છે.

સરદાર પટેલ યુનિવર્સિટીના ફાર્માસ્યુટિકલ વિભાગ દ્વારા ફેફસાંના ગંભીર રોગો માટે આડઅસરો ઘટાડતી અને વધુ અસરકારક દવા પહોંચાડવાની પદ્ધતિ પર કામ કરવામાં આવી રહ્યું છે. સાથે જ આણંદ કોમર્સ કોલેજના બી.બી.એ.ના



વિદ્યાર્થીઓએ પેકેજિંગ ક્ષેત્રે નવી ડિઝાઈનના સુરક્ષિત બોક્સનો ઉકેલ રજૂ કર્યો છે. શૈક્ષણિક અને ઉદ્યોગ જગતના નિષ્ણાતોની દેખરેખ હેઠળ લેવાયેલા આ નિર્ણયો યુવા સંશોધકોના વિચારોને લેબોરેટરીથી બજાર સુધી પહોંચાડવા માટે એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે.

### કૃષિ કચરામાંથી બોટલ અને અદ્યતન તબીબી સંશોધનો આકર્ષણનું કેન્દ્ર

યુનિવર્સિટી દ્વારા પસંદ થયેલા સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ્સમાં પર્યાવરણ અને આરોગ્ય ક્ષેત્રે ક્રાંતિકારી ફેરફાર લાવવાની ક્ષમતા છે. જેમાં બીજેવીએમ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિકસાવવામાં આવેલી 'બાયો બોટલ ક્રાફ્ટ' મુખ્ય છે, જે કૃષિ કચરાનો ઉપયોગ કરી ઇકો-ફ્રેન્ડલી પેપર બોટલો બનાવશે.

### રક્ષકઘડિયાળઅનેવોટરટેકનોલોજીનેમળશે

પેટન્ટનું કવચ બૌદ્ધિક સંપત્તિ અધિકાર (IPR) સમિતિ સમક્ષ રજૂ થયેલી વિવિધ અરજીઓમાંથી ૬ પ્રોજેક્ટને મંજૂરી અપાઈ છે. આ સંશોધનોમાં હર્બલ નેનો ફોર્મ્યુલેશન, પાણી શુદ્ધિકરણની વૈજ્ઞાનિક પદ્ધતિઓ, રક્ષક ઘડિયાળ, બેલેન્સ બોર્ડ ગેમ અને બાળકો માટેના હેલ્થ-વેલનેસ શૈક્ષણિક સાહિત્યનો સમાવેશ થાય છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225